


**કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં અક્ષ-૨૦૧૫ ઉજવાયો**

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા સંચાલિત ભોલાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ-બીસીએ, સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા અક્ષ-૨૦૧૫ના બીજા દિવસનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. કડી સર્વ વિશ્વવિદ્યાલયના તમામ હોદ્દેદારો અને પ્રતિષ્ઠિત મહેમાનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. વિવિધ ૧૬ જેટલી સ્પર્ધાઓમાં અલગ અલગ ૧૯ શાળા તથા ૧૫ કોલેજના કુલ ૧૫૨ ૨થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેમને પુરસ્કાર અને પ્રમાણપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

# કમુહૂર્તા પૂર્ણ થતાં શહેરમાં ફરી લગ્નસરાની મોસમ નિખરી

## કોલ્ડવેવ વચ્ચે સેક્ટરોમાં બેન્ડ બાજા ઓર બારાતના દશ્યો

ગાંધીનગર, તા. ૧૭

કમુહૂર્તાએ વિદાય લેતા આજથી ફરી લગ્નસરાની સીઝન શરૂ થઈ ગઈ છે. ગુલાબી ઠંડીની સાથે શહેરમાં લગ્નની મૌસમ નિખરી છે. સેક્ટરોમાં બેન્ડ, બાજા ઓર બારતના દશ્યો જોવા મળી રહ્યા છે. લગ્નમંડપના શામિયાણાં વચ્ચે ઢોલ, નગારા અને શરણાઈના સૂર સંભળાય છે. જાન્યુઆરીમાં પણ આગામી તા. ૨૫ થી ૨૭ દરમિયાન સૌથી વધુ લગ્ન મહોત્સવનું આયોજન છે, જ્યારે વસંત પંચમીના શ્રેષ્ઠ મુહૂર્તને અનુલક્ષી તા. ૨૧ જાન્યુઆરીના રોજ પણ વિશેષ લગ્ન સમારંભ યોજવામાં આવનાર છે.

ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં લગ્નસીઝન પૂરબહારમાં ખીલી હતી, જ્યારે કમુર્તા શરૂ થતા સેક્ટરોમાં લગ્નોની શરણાઈના સૂર શાંત પડી ગયા હતા. વાઈબ્રન્ટ સમિટની ચકાચૌન અને પતંગોત્સવની મજા બાદ શહેરમાં હવે લગ્નસરાની મૌસમ શરૂ થઈ છે. કડકડતી ઠંડીના પારાની વધ-ઘટ વચ્ચે લગ્નની મૌસમ પણ નિખરી છે.

શહેરમાં આજથી ફરી લગ્નસીઝનનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ગત ડિસેમ્બર મહિનામાં જેમ તા. ૫ થી ૭ દરમિયાન મહત્તમ લગ્નસમારંભો યોજવામાં આવ્યા હતા. તેવી રીતે ચાલુ મહિનામાં પણ તા. ૨૫ થી ૨૭ જાન્યુઆરી દરમિયાન સૌથી વધુ લગ્નમંડપ જોવા મળશે. આગામી તા. ૨૧ જાન્યુઆરીના રોજ પણ વસંત પંચમી હોવાથી મુહૂર્તની દષ્ટિએ શ્રેષ્ઠ દિવસે પણ લગ્નસરાની મૌસમ વધુ જોરમાં જોવા મળશે. નગરમાં નજર નાંખો ત્યાં બેન્ડ બાજા અને બારત ધુમ મચાવશે.

# કપાસના પોષણક્ષમ ભાવ આપવા સરકારને રજુઆત

ગાંધીનગર તા.૧૭

સાવ નીચે પડી ગયેલા કપાસના ભાવોથી ખેડૂતો હાલાકિમાં મુકાઈ ગયેલા છે. એક તરફ પ્રતિકુળ હવામાનના કારણે કપાસનો પાક અડધાથી પણ ઓછો ઉતરેલ છે. અને બીજી બાજુ કપાસના ભાવ ગઘડી ગયેલા છે. એટલે ખેડુતો માટે પડઘા ઉપર પાટા જેવો ઘાટ થયેલ છે. કપાસના પોષણક્ષમ ભાવથી કપાસ ખરીદવા રાજયભરમાં ખેડૂતોએ રજુઆત માંગણી અને ધરણા કરેલ છે. પરંતુ હજુ સુધી સરકારે આ દિશામાં કોઈ પગલા ભરેલ નથી. પરિણામે ખેડૂતો હતાશા અનુભવી રહ્યા છે. આ અંગે પૂર્વ ધારાસભ્ય અંબાલાલ ઉપાધ્યાયને પત્ર લખી તાત્કાલીક પોષણક્ષમ ભાવો આપવા રાજય સરકારે ખાસ પેકેજની જોગવાઈ કરવી જોઈએ એવી રજુઆત માન્ય મુખ્યમંત્રીરીને કરી છે. અને સરકાર આ બાબતે તાત્કાલિક પગલા નહિ ભરે તો આજના ભાવે ખેડૂતો કપાસ વેચશે તો ખોટ અને દેવામાં ડુબશે. સરકાર આ પ્રશ્નને ગંભીરતાથી લેવો જોઈએ તેવી રજુઆત કરી હતી.

અગાઉના સમયમાં જયારે શ્રી અમરસીભાઈ ચૌધરી મુખ્યમંત્રી હતા ત્યારે આવો જ પ્રશ્ન ઉપસ્થિત થયેલ હતો ત્યારે કપાસના ભાવ ગઘડી ગયેલા હતા તે વખતે રાજય સરકારે રૂપિયા ૧૫૦૦ કરોડની બજેટની જોગવાઈ કરી ખેડૂતો પાસેથી કપાસની ખરીદી કરેલ હતી.

કૃષિ રથ કાઢવાથી કે વ્યાજમાં રાહત આપવાથી તે થીંગડા મારવા જેવો ઘાટ છે. આથી ખેડૂતોની વ્યાજબી માંગણી સંતોષાશે નહિ.

ઉત્સવોમાં કરોડો રૂપિયા ખર્ચાય છે અને તેની જાહેરાતોમાં પણ કરોડો રૂપિયા ખર્ચાય છે. ત્યારે ખેડૂતોનો પણ પ્રશ્ન જેવા મહત્વના પ્રશ્ને સરકાર ઉપેક્ષા સેવે તે ઘણી ગંભીર બાબત છે. આ અંગે રાજયના મુખ્યમંત્રીશ્રી એ આ પ્રશ્ન પોતાના હાથે લઈ ઝડપી નિરાકરણ લાવી ખેડૂતોને લાભ આપે તે જરૂરી છે.

# ઘ-માર્ગ પર કાર-રિક્ષા વચ્ચે થયેલા અકસ્માતમાં મહિલા ઘાયલ

## રિક્ષા અને કાર બંને વાહનોને નુકશાન : રિક્ષામાં સવાર મહિલાને ઘાયલ હાલતમાં હોસ્પિટલ ખસેડાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના ઘ-માર્ગ પરથી પસાર થઈ રહેલી એક રીક્ષા અને કાર વચ્ચે સે. ૭ બસસ્ટેન્ડ નજીક અકસ્માત સર્જાયો હતો. જેમાં બંને વાહનોને નુકશાન થવા પામ્યુ હતુ. રિક્ષામાં સવાર એક મહિલાને ઈજાઓ પહોંચતા ઘાયલ હાલતમાં તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જો કે આ બનાવમાં પોલીસ ફરીયાદ થવા પામી ન હતી. સદ્‌ભાગ્યે કોઈ જાનહાની પણ થવા પામી ન હતી.

સેક્ટર-૭ બસ સ્ટેન્ડ સામે જીજે-૧૮-કેબી-૧૫૧૮ નંબરની કાર અને જીજે-૧-એએક્સ-૮૪૫૦ નંબરની રિક્ષા અથડાઈ ગઈ હતી. આ બંને વાહનોના અકસ્માતમાં રિક્ષામાં બેસેલી મહિલાને શરીરે ઈજાઓ થતા તેણીને હોસ્પીટલલાઈઝ્ડ કરવામાં આવી હતી. નસીબ જોગે બંને વાહનોમાં સવાર વ્યક્તિઓ પૈકી કોઈને ગંભીર ઈજાઓ થવા પામી ન હતી. કોઈ જાનહાની કે મોટુ નુકશાન ન હોવાથી પોલીસ ફરીયાદ કરવામાં આવી ન હોવાનું જાણવા મળ્યું છે.

# આજે સે-૨૪ ખાતે પલ્સ પોલિયો રાઉન્ડનો શુભારંભ કરાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેકટર-૨૪માં અર્બન હેલ્થ સેન્ટર ખાતે નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે અંતર્ગત પલ્સ પોલિયો રાઉન્ડનો શુભારંભ કરાશે. આ કાર્યક્રમ તા. ૧૮મી જાન્યુઆરી રવિવારે સવારે ૯-૦૦ વાગે યોજાશે. જેમાં રાજયકક્ષાના આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રી શંકરભાઈ ચૌધરીના વરદ હસ્તે પલ્સ પોલિયો રાઉન્ડનો શુભારંભ કરાશે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગરના મયેર મહેન્દ્રસિંહ રાણા, ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, દક્ષિણ વિધાનસભા બેઠકના શંભુજી ઠાકોર ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત અતિથિ વિશેષ પદે મનપાના ડેપ્યુટી મેયર સુભાષ પાંડવ, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન આશિષ દવે અને નેતા મનુભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

# સોમવારે સ્વામિનારાયણ ધામ ગુરુકુલના વિદ્યાર્થીઓ દસ ગામની સફાઈ કરશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના કોબા હાઈવે પર કુડાસણ ખાતે આવેલ સ્વામિનારાયણ ધામના ગુરુકુલના ૧૨૦૦ વિદ્યાર્થીઓ દ્વારા તા. ૧૯મી જાન્યુઆરી સોમવારે આસપાસના ૧૦ ગામોમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કાર્ય હાથ ધરવામાં આવનાર છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છ ભારત અભિયાનમાં જોડાઈ આ વિદ્યાર્થીઓએ ૧૦ ગામોને સ્વચ્છ બનાવવાનો નિર્ધાર કર્યો છે. આ ગામોમાં કુડાસણ, અંબાપુર, પોર, ભાઈજીપુરા, નવા કોબા, જુના કોબા, રાંદેસણ, સરગાસણ, શાહપુર તથા રાયસણને આવરી લેવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓના આ અભિયાન થકી અનેક નાગરિકોને પ્રેરણા મળશે. આ કાર્યમાં સ્વામિનારાયણ ધામના સંતો, પાર્ષદો, સાધકો અને હરિભકતો પણ જોડાશે.

# આજે આયુર્વેદ અને જ્યોતિષશાસ્ત્ર અંગે પરિસંવાદનું આયોજન

ગાંધીનગર વાઈબ્રન્ટ ગુજરાતના કરોડોના રોકાણનું એમઓયુ થયા પછી રાજ્યમાં સ્વાસ્થ્યને લગતો ખૂબજ અગત્યનો અને તદન નવા વિચાર સાથે જ્યોતિષશાસ્ત્ર આયુર્વેદનો સમન્વય અંગેનો એક પરિસંવાદ તા. ૧૮મી જાન્યુઆરીએ સવારે ૯.૦૦ વાગે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર, ચ-૫ ખાતે યોજાનાર છે. આ અંગે નિસર્ગ આયુર્વેદ રીસર્ચના ડાયરેક્ટર વૈદ રાજેશ ઠક્કરે જણાવ્યું છે કે, જ્યોતિષ અને આયુર્વેદ બન્ને પૌરાણિક શાસ્ત્ર છે. જેના સંકલનથી ઘણા પરિણામો મળ્યા છે. તો આ બન્ને શાસ્ત્રને એકમંચ પર લાવવા જરૂરી થઈ પડ્યું છે. લકુલીશ યોગ યુનિવર્સિટીના સહયોગથી યોજાનાર આ પરિસંવાદના જ્યોતિષશાસ્ત્રની ડીગ્રી મેળવનાર પ્રો. ગૌરાંગ ત્રિવેદી માર્ગદર્શન નિષ્ણાંત, યોગ યુનિવર્સિટીના કુલપતિ આ પરિસંવાદમાં ભાગ લેશે.

# ગાંધીનગરના જાણીતા બિલ્ડર જગત કારાણીના માતૃશ્રી સુમનબેનનું અવસાન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના જાણીતા બિલ્ડર શ્રી જગતભાઈ કારાણીના માતૃશ્રી સુમનબેન કારાણીનું ૮૩ વર્ષની વયે ટુંકી માંદગી બાદ અવસાન થયું છે.

સ્વ. સુમનબેન કારાણી પરિવારજનો સાથે છેલ્લા કેટલાક વર્ષોથી વડોદરા સ્થાયી થયા હતા તેઓ છેલ્લા કેટલાક દિવસોથી બિમાર હતા. વડોદરા ખાતે આજે સાંજે યોજાયેલી તેમની અંતિમ યાત્રામાં કારાણી પરિવારના સભ્યો, મિત્ર પરિવારો અને જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી જગતભાઈ કારાણીના માતૃશ્રીના નામ સાથે જોડીને સેકટર-૧૧માં સુમન ટાવર અને સુમન સીટી વાણિજય સંકુલો ઉભા કર્યા છે.

# આજે વૈજનાથ મંદિરે રૂદ્રિપાઠ યોજાશે

ગાંધીનગરના રૂદ્રાભિષેક મંડળ દ્વારા તા. ૧૮મી જાન્યુઆરીએ પોષ માસની શિવરાત્રી નિમિત્તે સાંજે ૪.૩૦ કલાકે રૂદ્રિપાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આ રૂદ્રિપાઠ સે-૨૧ના વૈજનાથ મહાદેવ ખાતે યોજશે.

# આજે જીવકલ્યાણ સંસ્થાની બેઠક

ગાંધીનગરમાં સર્વ જીવ કલ્યાણ હેતુસર કાર્ય કરતી જીવ કલ્યાણ સંસ્થાની માસિક સામાન્ય બેઠક તા. ૧૮મી જાન્યુઆરી રવિવારે સાંજે ૪ વાગે સેકટર-૨૨માં પંચદેવ મંદિરના યજ્ઞ સભા મંડપમાં યોજાશે. આ સભામાં સંસ્થાના તમામ સભ્યો અને રસ ધરાવતા નગરજનોને હાજર રહેવા વિનંતી કરાઈ છે.

# આજે સરસ્વતિ વિદ્યાલય ખાતે જયોતિષ શાસ્ત્રના વર્ગોનો પ્રારંભ

ગાંધીનગરના ધ વૈદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન દ્વારા તા. ૧૮મી જાન્યુઆરી રવિવારે બપોરે ૩ વાગે સેકટર-૬માં આવેલ સરસ્વતિ વિદ્યાલય ખાતે જયોતિષશાસ્ત્ર શીખવવાના વર્ગોનો પ્રારંભ કરવામાં આવનાર છે. આ વર્ગોમાં જયોતિષ શાસ્ત્ર અંગે પ્રાથમિક માહિતી, જન્મકુંડળી કેવી રીતે બનાવવી તેમજ જયોતિષને લગતી તમામ બાબતો અને વાસ્તુશાસ્ત્રના નિષ્ણાંતો વિષ્ણુભાઈ વૈષ્ણવ, દિપાલીબેન જોષી તથા અન્ય દ્વારા શીખવવામાં આવશે.

# માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત મેડીકલ કેમ્પ યોજાયો

## ૧૦૦ થી વધુ ટ્રક ડ્રાઈવરોની આંખની તપાસ કરાઈ : ડાયાબીટીશ, બ્લડ પ્રેશર અને દષ્ટિ ચકાસણી પણ કરવામાં આવી



ગાંધીનગર, તા. ૧૭

માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા ટ્રાફીક પોલીસ તથા ગાંધીનગર શહેર વસાહત મહામંડળના સંયુક્ત ઉપક્રમે ચિલોડા બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે નિશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈ ચેકઅપ, ડાયાબીટીસ, બ્લડ પ્રેશર ચેકઅપ ઉપરાંત રાહતદરે ચશ્માનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

ચિલોડા ખાતે સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ખાતે માર્ગ માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત નિઃશુલ્ક મેડીકલ કેમ્પ યોજાયો હતો. જેમાં આંખો, ડાયાબીટીશ, બ્લડપ્રેશર ચેકઅપ કર્યા ઉપરાંત જરૂરીયાતમંદોને રાહતદરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૦૦ થી વધુ ટ્રક ડ્રાઈવરો, ૭૦ થી વધુ વાહનચાલકોનું ચેકઅપ આ કેમ્પમાં કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જિલ્લા ટ્રાફીક પોલીસ, ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ તથા મયુર વ્યાસ, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા ઉપરાંત બ્રહ્માકુમારીની બહેનો, તેજ આઈ સેન્ટરનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# પરણિતાને પ્રતિમાસ ૪ હજાર ચૂકવવા પતિને કોર્ટનો આદેશ

## સાસરીયાઓએ શારિરીક-માનસિક ત્રાસ આપી પરિણીતાને ઘરેથી કાઢી મુકી હતી

ગાંધીનગર, તા. ૧૭

પરિણીતાને પ્રતિમાસ ભરણપોષણ પેટે માસિક રૂ. ૪ હજાર ચુકવવા ગાંધીનગર કોર્ટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર કલોલમાં રવિદાસ સોસાયટી ખાતે રહેતા પલ્લવીબેન નટવરભાઈ પરમારના લગ્ન તા. ૨૩ જાન્યુઆરી વર્ષ-૨૦૦૫ના રોજ પૂર્વ કલોલ વિસ્તારમાં રહેતા ધરમદીપ અનિષ કડીકર સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન પરિણીતાને સાસરીયાઓ દ્વારા શારિરીક માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો. જયારે તેણીના પતિ દ્વારા નવુ બાઈક અને પૈસાની માંગણી કરવામાં આવતી હતી. તેણીના સામરિયાઓને પરિણીતાને ત્રાસ આપી ઘરેથી કાઢી મુકી હતી. જેથી તેણીએ ભરણપોષણ મેળવવા વકીલ મારફતે ગાંધીનગરની ત્રીજા એડીશનલ જ્યુ. મે. જી. ફ.ક.ની કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ કેસ કોર્ટમાં ચાલી જતા અરજદાર તરફેના વકીલ મુન્શીની દલીલોને ધ્યાને લઈ જજ એસ.જી. પરમારે પરિણીતાને પ્રતિમાસ રૂ. ૪ હજાર ભરણપોષણ પેટે ચુકવવા હૂકમ કર્યો છે. આ ઉપરાંત કૌટુંબિક વીમાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ અન્વયે અરજદારને માસિક રૂ. ૧૫૦૦ રહેઠાણના ભાડા પેટે ચુકવી આપવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

# દહેગામથી સગીરાને ઉપાડી જનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર જિલ્લાના દહેગામ વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની સગીરાને લલચાવી-ફોસલાવીને ભગાડી જનાર ગામનો જ શખ્સ ૧૧ મહિના બાદ પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. ગાંધીનગર એલસીબીની એબસ્કોન્ડર સ્કવોડે આરોપીની ધરપકડ કરીને દહેગામ પોલીસને સોંપી દીધો છે. દહેગામ પોલીસે તેની પુછપરછ શરૂ કરી છે. દહેગામના એક ગામની ૧૭ વર્ષની કિશોરીને ૩ ફેબ્રુઆરી-૨૦૧૪ના દિવસે તેના જ ગામનો શખ્સ જયનીશ ઊર્ફે ચમન નંદુ પટેલ લલચાવી ફોસલાવીને ભગાડી ગયો હતો.

# આજે નાની દશકોશી અઢાર ગામ વણકર સમાજની મીટીંગ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના નાની દસ કોશી અઢાર ગામ વણકર સમાજની બેઠક તા. ૧૮મી જાન્યુઆરી રવિવારે ૧૨ વાગે અમદાવાદમાં સ્વસ્તિક બંગ્લોઝ સામે સમતા સોસાયટીમાં આવેલ સમાજભવન ખાતે રાખવામાં આવેલ છે. આ મીટીંગમાં ગાંધીનગરના તમામ જ્ઞાતિજનોને અચૂક હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૪
સૂર્યાસ્ત : ૬.૧૮

## તાપમાન

મહત્તમ : ૨૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૦.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૩ ટકા ● સાંજે ૩૩ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
આઈ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
અલોન : ૧.૩૦, ૭.૩૦

સ્ક્રીન-૨ :
અલોન : ૧૦.૧૫, ૧૦.૧૫
આઈ : ૧૨.૩૦, ૭.૧૫
તેવર : ૪.૧૫

સ્ક્રીન-૩ :
શરાફત ગઈ તેલ લેને : ૧૧.૦૦, ૪.૩૦, ૯.૩૦
તેવર : ૧.૦૦, ૬.૩૦

### સિટીપલ્સ

: સ્ક્રીન-૧ :
આઈ (હિન્દી) : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
આઈ (હિન્દી) : ૧૨.૩૦
અલોન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :
અલોન : ૧.૧૫
શરાફત ગઈ તેલ લેને : ૩.૪૫, ૭.૧૫
ટેકન (ઈંગ્લીશ) : ૯.૩૦

સ્ક્રીન-૪ :
આઈ : ૧૦.૦૦
ક્રેઝી કુક્કડ ફેમિલી : ૧.૩૦
તેવર : ૭.૦૦
શરાફત ગઈ તેલ લેને : ૧૦.૧૫

સ્ક્રીન-૫ :
અલોન : ૧૦.૦૦
ક્રેઝી કુક્કડ ફેમિલી : ૭.૩૦
પી.કે. : ૪.૧૫
શરાફત ગઈ તેલ લેને : ૧૨.૩૦
તેવર : ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**વૃષભ** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. વધુ પ્રયત્ન કરવો પડશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર-પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**સિંહ** : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**કન્યા** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

**ધન** : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

**મકર** : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. આપના પ્રયાસોથી વ્યાપારને ટોચ પર પહોંચાવી શકશો.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. વિઠ્ઠલભાઈ રમણલાલ સોની (ઉ.વ.૫૫) મુ. કોલવડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. હંસાબેન કાન્તીલાલ વાઘેલા (ઉ.વ.૫૪) મુ. પાલજ, તા.જી.ગાંધીનગર
- સ્વ. મનોહરલાલ ખેમચંદ શિવાની (ઉ.વ.૬૦) પ્લોટ નં. ૫૦૬/૨, સેક્ટર-૨૩, ગાંધીનગર